# એક જોગી ચાલ્યો જાય

વન, ઉપવન ને ગિરીકંદરા, ખૂંદતો ચાલ્યો જાય;
આતમનો અહાલેક જગાવતો, જોગી ચાલ્યો જાય;
ઝાડી ઝાંખરા વળી કંટકને, અવગણતો ચાલ્યો જાય;
ઈડરના પહાડોને ભેદતો, અવધૂત ચાલ્યો જાય.
રાળજ, વસો ને ખેડા ક્ષેત્રમાં, બોધ વર્ષાવતો જાય;
ભક્તિની છોળો ઉછાળતો, નિર્મોહી ચાલ્યો જાય.
ઉત્તરખંડના વનક્ષેત્રમાં, ધૂનો લલકારતો જાય;
જંગલમાં પણ મંગલ કરતો, વન કેસરી ચાલ્યો જાય.
પ્રખર તાપને તપતી વેળુમાં, વૃષ્ટિ અમૃતની વરસાવતો જાય;
ગુજરાતની ગરવી ધરા પર; ગંધહસ્તી ચાલ્યો જાય.
શ્રી મહાવીરનો અંતિમ શિષ્ય, પુઢવિશીલા સ્થિત થાય;
સત્સંગનો રંગ જમાવતો, અસંગ યોગીશ્વર થાય.
સમયસારનો રસિયો જોગી, નિરોગી ચાલ્યો જાય;
દિવ્યધ્વનીનું ગુંજન કરતો, પરમકૃપાળુ થાય